# અસ્પૃશ્યતા નિવારણની ગાંધીવાદી પ્રવૃત્તિઓ
## (પંચમહાલ જિલ્લાના વિશેષ સંદર્ભમાં)

ભૂમિકા એમ.વેકરિયા

### ૧.પ્રસ્તાવના

દક્ષિણ આફ્રિકામાં અહિંસક વિજય મેળવીને ગાંધીજી ઈ.સ.૧૯૧૫માં ભારત આવ્યા. તેમના રાજકીય ગુરુ ગોપાલકૃષ્ણ ગોખલેએ તેમને સલાહ આપી કે ભારતમાં કોઈપણ પ્રવૃત્તિ શરુ કરતાં પહેલાં તમે એક વર્ષ સમગ્ર દેશનું પરિભ્રમણ કરીને દેશની વાસ્તવિક પરિસ્થિતીનો અભ્યાસ કરો, આથી એક વર્ષ સુધી ગાંધીજીએ ભારતભ્રમણ કરીને જાત નિરીક્ષણથી લોકોની ગરીબી જોઈ,અજ્ઞાનતા,અંધશ્રદ્ધા,ધાર્મિક સંકુચિતતા અને ગુલામી માનસનો અનુભવ કર્યો. અને ત્યારબાદ અમદાવાદમાં પ્રથમ કોચરબ આશ્રમ સ્થાપી ત્યાં વસવાટ કર્યોઅને પછી હરિજન આશ્રમની સ્થાપના કરી.તેમનું આશ્રમી જીવન જ તેમની રચનાત્મક પ્રવૃત્તિનો પાયો હતું. આ સમયે દેશમાં અનેક પ્રતિષ્ઠિત રાજકીય કાર્યકરો અને તેમની જુદી જુદી રાજકીય પ્રવૃત્તિઓ કાર્યરત હતી જ.પરંતુ તે માત્ર ભાષણો, ઠરાવો,ચર્ચાઓ અને વિનંતીઓ પૂરતી જ મર્યાદિત બની હતી.તે સમયે ભારતીય રાજકારણમાં જહાલવાદી અને મવાલવાદી એમ બે બે વિરોધી વિચારસરણીઓ પ્રચલિત હતી તે બન્નેના અભ્યાસને અંતે ગાંધીજીને લાગ્યું કે, આટલી પ્રવૃત્તિઓ જ સ્વરાજ લાવવા માટે પૂરતી નથી. તેમણે પોતાના પુરોગામીઓથી જુદી પદ્ધતિ વિકસાવી.રાજકારણ સાથે અર્થકારણ અને સમાજકારણને સાંકળ્યા. રાષ્ટ્રનવનિર્માણ અને સ્વરાજ્યની સાથે સુરાજ્ય પણ સ્વપ્ન સેવ્યું, તેના ભાગ રુપે રચનાત્મક પ્રવૃત્તિઓનો પાયો નંખાયો. તેમની આ પ્રવૃત્તિઓને વ્યાપક જનાધાર સાંપડ્યો. ૧૯૨૦ થી ૧૯૪૭ના સમયગાળામાં અનેકવિધ પ્રવૃત્તિઓમાં સફળતા પ્રાપ્ત કરીને સ્વરાજ્યની સિદ્ધી મેળવી.આ સમયગાળો ઈતિહાસમા ગાંધીયુગ થી પ્રચલિત બન્યો.

### ૨. રચનાત્મક પ્રવૃત્તિઓ તેની વિભાવના

રચનાત્મક પ્રવૃત્તિઓની પૃષ્ઠભૂમિ પર જ ગાંધીજીએ પ્રજાકીય સ્વરાજ્યનો કાર્યક્રમ ઘડ્યો.આ કાર્યક્રમ ગામડાંથી માંડીને શહેર સુધી તથા નિમ્નવર્ગથી માંડીને ઉચ્ચવર્ગ સુધીના તમામ વર્ગોમાં સર્વસ્વીકૃત બન્યો.રચનાત્મક પ્રવૃત્તિઓની વિભાવના સમજવાથી આ પ્રવૃત્તિઓ વિશે વધુ જાણી શકાય.રચનાત્મક પ્રવૃત્તિઓનો શબ્દાર્થ સરળ અને સ્વયંસ્પષ્ટ છે.ગાંધીજીએ નોંધ્યું છે કે, રચનાત્કમ કાર્યક્રમને બીજી અને વધારે ઘટિત નામથી ઓળખાવીએ તો સત્યને અહિંસાના સાધન વડે પૂર્ણસ્વરાજ એટલે કે સંપૂર્ણ સ્વતંત્રતાની રચના કહી શકાય.[૧] જ્યારે રામલાલ પરીખ નોંધે છે કે,રચનાત્મક કાર્યક્રમ એ કોઈ તત્કાલીન સમસ્યાઓના ઉકેલ માટે કામચલાઉ કાર્યક્રમ નથી.પણ સમાજની આમૂલ નવરચના માટેનો વિશ્વભરમાં અમલમાં મૂકી શકાય તેવો દૂરગામી, વ્યવહારુ, વ્યવસ્થિત અને ચિરંજીવ કાર્યક્રમ છે.ગાંધીજીએ આઝાદીની લડતોમાં રચનાત્મક કાર્યક્રમ વિશે નોંધ્યું છે કે, રચનાત્મક કાર્યક્રમ વિનાની સવિનય કાનૂનભંગની હું લડત લડવા જાઉં તો લકવાથી જુઠો પડેલો અમથો હાથ ઉપાડવા જાઉં તેના જેવું થાય.[૨] ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિઓમાં કુલ તેર પ્રવૃત્તિઓ – કાર્યક્રમો કોમી ઐક્ય,અસ્પૃશ્યતા નિવારણ, મદ્યપાન નિષેધ, ખાદી, ગ્રામોદ્યોગ, ગ્રામસફાઈ, આરોગ્ય, પ્રૌઢ શિક્ષણ, સ્ત્રીકલ્યાણ,પાયાની કેળવણી,રાષ્ટ્રભાષા પ્રચાર, માતૃભાષા પ્રેમ અને આર્થિક સમાનતા વગેરેનો સમાવેશ થતો હતો.ગાંધીજીએ રચનાત્મક પ્રવૃત્તિઓનું કાર્યક્ષેત્ર આ તેર પ્રવૃત્તિઓ પૂરતું મર્યાદિત રાખ્યું ન હતું. તેમણે પાછળથી લખ્યું હતું કે, જેલમાં મારાં ઉંડા વિચારોનું પરિણામ તમારી આગળ મૂકું કે,ત્રણ શરતોમાં રેંટિયામાં, હિન્દુમુસ્લિમ ઐક્યમાં અને

અસ્પૃશ્યતા નિવારણમાં સ્વરાજ છે.[૩] ત્યારબાદ ઠક્કરબાપાના આગ્રહને કારણે ગાંધીજીએ આદિવાસી કલ્યાણની પ્રવૃત્તિઓને પણ આ રચનાત્મક પ્રવૃત્તિઓમાં સમાવેશ કરતાં કુલ ૧૪ રચનાત્મક પ્રવૃત્તિઓ થઈ હતી.[૪] ઉપરોક્ત દર્શાવેલ કુલ ૧૪ રચનાત્મક પ્રવૃત્તિઓમાં પંચમહાલ જિલ્લામાં અસ્પૃશ્યતા નિવારણ અંગેની ગાંધીવાદી પ્રવૃત્તિઓ વિશે કેટલીક બાબતો ઉજાગર કરવાનો આ લેખમા ઉપક્રમ છે.

## ૩. પંચમહાલની રાજકીય પૃષ્ઠભૂમિ

પંચમહાલનો ઘણો પ્રાચીન ઈતિહાસ છે,તેમાં ઉંડા ન ઉતરતા આપણે જેને અર્વાચીનકાલ ગણીએ છીએ તેની વાત કરીએ તો પંચમહાલ જિલ્લો એ બે ભાગમાં વહેંચાયેલો હતો. એક બ્રીટિશ શાસન હેઠળનું પંચમહાલ અને બીજુ દેશી રાજ્યો શાસિત પંચમહાલ. મુંબઈ પ્રાંત હેઠળના ગુજરાતના કુલ પાંચ જિલ્લાઓ પૈકીનો એક જિલ્લો હતો.બહુમતી વસતી આદિવાસીઓની હતી. રાજકીય જાગૃતિનો સર્વથા અભાવ હતો. વેઠપ્રથા, અસ્પૃશ્યતા, નિરક્ષરતા તેમજ દુષ્કાળ જેવા કુદરતી કે માનવસર્જિત પરિબળોથી સમાજજીવન પ્રભાવિત હતું. ટૂંકમાં ગુજરાતના અન્ય જિલ્લાઓની સરખામણીએ પંચમહાલની સ્થિતિ ઘણી નબળી કહી શકાય. આથી જાહેર જીવનમાં ખાસ આશાના કિરણો ન હતા. તેમ છતાં પણ ૧૯મી સદીના અંતભાગમાં ખ્રિસ્તી મિશનરીઓની સંસ્થાઓ દ્વારા આદિવાસીઓમાં શિક્ષણનો પ્રચાર કર્યો હતો.[૫] ૨૦મી સદીના પ્રારંભે ગોવિંદગુરુ નામના સાધુએ ભગત ચળવળ ચલાવીને આદિવાસીઓમાં સુધારાપ્રવૃત્તિ શરુ કરી હતી. પંચમહાલમાં રાજકીય જાહેરજીવનનો સંચાર હોમરુલ આંદોલનથી થયો હતો.તા.૩થી ૫ નવેમ્બર ૧૯૧૭ના સમયગાળા દરમ્યાન સ્થાનિક આગેવનોએ ગોધરામાં પહેલી રાજકીય પરિષદનું આયોજ કર્યુ અને ગાંધીજી આ પરિષદના પ્રમુખપદે હતા.આ પરિષદમાં તત્કાલિન ગુજરાતને સ્પર્શતી સમસ્યાઓના નિવારણ માટે ઠરાવો કરાયા હતા. ગોધરાની આ પરિષદની મહત્વની ફલશ્રુતિ એ હતી કે આડપેદાશરુપે સામાજિક પરિષદ અને અંત્યજ પરિષદનું આયોજન થયું હતું.તે દ્વારા સમાજમાં તરછોડાયેલા સ્ત્રીઓ અને અંત્યજોને પણ રાજકીય પ્રવાહમાં સામેલ કર્યા હતા. આ રીતે આ પરિષદ પંચમહાલ જિલ્લા માટે બહુ મોટી રાજકીય સિદ્ધી હતી. ગાંધીવાદી રચનાત્મક અનેકવિધ પ્રવૃત્તિઓમાં અસ્પૃશતા નિવારણની પ્રવૃત્તિઓને મળેલા પ્રતિસાદ વિશે જોઈએ.

## ૪. પંચમહાલ જિલ્લામાં અસ્પૃશ્યતા નિવારણ પ્રવૃત્તિઓ

ભારતમાં પ્રાચીન કાળથી અસ્પૃશ્યતા સમાજજીવનનો અનિવાર્ય અનિષ્ઠ તરીકે એક યા બીજી રીતે પ્રવર્તમાન રહી છે.તેના નિવારણ માટે અનેક મહાપુરુષોએ પ્રયાસો કરેલા તેમાં એક નામ ગાંધીજીનું ઉમેરી શકાય. તેમણે અસ્પૃશ્યતા નિવારણને ધાર્મિક પ્રવૃત્તિ લેખી વિશ્વબંધુત્વની દિશામાં મોટું પગલું ગણાવ્યું હતુ. હિંદુ સમાજમાં સદીઓથી જડ નાખી ચૂકેલા અસ્પૃશ્યતાના દૂષણને નાથવા સમયે સમયે પોતાની વૈચારિક મક્કમતા દર્શાવી હતી.તેમણે લખ્યું છે કે, હું માનું છું કે અસ્પૃશ્યતા કેવળ મનુષ્યએ જ પેદા કરેલી છે. અને લોકોના નૈતિક કે બૌધીક વિકાસ સાથે કશો સંબંધ નથી.[૬]

ગાંધીવાદી અસ્પૃશ્યતા નિવારણ પ્રવૃત્તિ ત્રણ રીતે અલગ પડે છે.તેમણે અસ્પૃશ્યતાને ધર્મરહિત, વિરુધ્ધની સાબિત કરી.બીજું કે,અસ્પૃશ્યતા નિવારણને સ્વરાજ્ય પ્રાપ્તિની શરત બનાવી અને ત્રીજું એ કે, ગાંધીવાદી કાર્યકરોના પ્રયત્નોથી અસ્પૃશ્યો હિન્દુ સમાજના લેણદારો અને સવર્ણ હિન્દુઓ દેણદારોની ભૂમિકામાં મૂકાયા. પંચમહાલ જિલ્લામાં ગાંધીજીની અસ્પૃશ્યતા નિવારણની પ્રવૃત્તિઓ વિકસી તે પૂર્વેની પંચમહાલની સ્થિતિ જાણવાથી ગાંધીવાદી અસ્પૃશ્યતાનિવારણની પ્રવૃત્તિઓને સમજવી વિશેષ સરળ બનશે. તત્કાલિન પંચમહાલમાં વણકર, ચમાર, ગરોડા અને ભંગી એ ચાર જ્ઞાતિઓ અસ્પૃશ્યતાથી પીડિત હતી.અસ્પૃશ્યોમાં પણ પછાત એવા ભંગીઓ માટે તો કહેવાતું કે,

ભંગીના ઢંગમાં રંગ હોયે નહીં
કલમને ચલમ તુલ્ય તે હંમેશાં માને,
શરીરના જોરને જીભમાં લાવીને
લથડતો બેસે છકેલો લાખેણો ૭

આ રીતે ભંગીની એક વ્યસની તરીકે ગણતરી થતી. કાકા કાલેલકરે પણ તેમના ગ્રંથ "જીવન સંસ્કૃતિ" માં ગોધરાના અંત્યજો નામે લખેલા લેખમાં આ કરુણતા વ્યક્ત કરી છે. ગાંધીના આગમન પૂર્વે આ વિસ્તારમાં સરકારી કે બિનસરકારી એવી કોઈપણ સંસ્થાએ અસ્પૃશ્યોના ઉદ્ધાર માટે કોઈ સક્રિય ભૂમિકા જોવા મળી ન હતી. આવા વિષમ સામાજિક વાતાવરણમાં ગુજરાતની અસ્પૃશ્યતા નિવારણના ઈતિહાસમાં ખૂબ મહત્વની કહી શકાય તેવી પ્રવૃત્તિનું બીજ ઈ.સ.૧૯૧૭માં ગોધરામાં મળેલી પહેલી ગુજરાત રાજકીય પરિષદથી નંખાયું.ગાંધીજીના આગ્રહથી તેની પૂરવણી રુપે ૫ નવે.૧૯૧૭ની રાત્રે ગોધરાના હરિજનવાસમાં આગેવાનોનો એક મેળાવડો થયો. જેને પાછળથી અંત્યજ પરિષદ એવું નામ મળ્યું.૮ આ પરિષદમાં ગાંધીજીએ ભાષણમાં કહ્યું કે, અંત્યજોનો એક જુદો વર્ગ હોય એ હિંદને માથે કલંક છે. નાતજાત એ બંધારણ છે,પાપ નથી પણ અસ્પૃશ્યતા એ તો પાપ છે,સખત ગુનો છે અને હિન્દુસ્તાન જો આ નાગનો વેળા છતાં નાશ નહી કરે તો એ તેને ભરખી જશે.અસ્પૃશ્યોને હિંદુધર્મથી અલગ હરગીજ ન માનવા જોઈએ.૯ ગાંધીજીના ભાષણના ક્રાંતિકારી વિચારોના પડઘા સમગ્ર ગુજરાતમાં પડ્યા. ગુજરાતી નામના વર્તમાનપત્રએ ગાંધીજીની આકરી ટીકા કરી. પરંતુ ગાંધીજીએ તેની પરવા કર્યા વિના મક્કમતાથી અંત્યજોદ્ધારની પ્રવૃત્તિ આગળ ધપાવી હતી. ગોધરામાં અંત્યજોદ્ધારની પ્રવૃત્તિના બીજારોપણ પછી દાહોદમાં પણ ભાષણમાં જણાવ્યુ કે, હું અહીં કેટલાક અંત્યજ ભાઈઓને દૂર ઉભેલા જોઉં છુ..એથી મને અતિશય દુઃખ થાય છે. ઈશ્વરે સર્જેલા કોઈપણ પ્રાણીને અડતા આપણે અભડાઈએ એવો વિચાર કરવામાં પણ મને તો અધર્મ લાગે છે.૧૦ ગાંધીજીના આ વિચારોની સવર્ણો પણ મોટી અસર પડી અને વાણીયા,બ્રાહ્મણ વગેરે હિન્દુઓ અને મુસલમાનો મોટી સંખ્યામાં અંત્યજોદ્ધારની પ્રવૃત્તિઓમાં જોડાયા.

ગોધરા અને દાહોદની આ મુલાકાતોની ફળશ્રુતિ રુપે ૧૯૧૭માં સ્થાપાયેલી અંત્યજશાળાનું સંચાલન જુન ૧૯૧૯થી મામાસાહેબ ફડકેએ સંભાળી લીધું.અને અંત્યજ સેવાની સમગ્ર પ્રવૃત્તિ ધ્યેય ન બનતા આઝાદી સુધી એક પ્રક્રિયા સ્વરુપે ચાલું રહી હતી.મામાસાહેબે શરુઆતમાં અંત્યજોનો સહવાસ કેળવી તેમનો વિશ્વાસ સંપાદન કર્યો.તેમજ વ્યક્તિગત સ્વચ્છતા અને સફાઈનો આદર્શ પ્રસ્તુત કર્યો.કઠીન તપશ્ચર્યા પછી મામાસાહેબ અંત્યજોની આત્મીયતા જીતી શક્યા.તેમણે ગોધરામાં ભંગીવાસમાં મકાન રાખી રહેવાનું શરુ કર્યું હતું.સવર્ણોને ત્યાં અંત્યજ બાળકોને વારાફરતી લઈ જઈ તેમની લઘુતાગ્રંથિ દૂર કરવાનો પ્રયત્ન પણ પ્રસંશનીય રહ્યો હતો. ૧૧ ગોધરામાં આવેલ અંત્યજ શાળા ઈ.સ.૧૯૨૨થી આશ્રમશાળા તરીકે જાણીતી બની હતી. મામાસાહેબની પ્રવૃત્તિઓના ખૂબ ટૂંકા ગાળામાં આશાસ્પદ પરિણામો મળ્યા.૨ ઓક્ટો ૧૯૨૨ના રોજ ગાંધીજયંતી નિમિતે નીકળેલા સરઘસમાં અંત્યજ બાળકો પહેલી વખત પ્રવેશ પામ્યા. તેને નવજીવને અભૂતપૂર્વ ઘટના લેખી સ્થાનિક આગેવાનોને મુબારકબાદી આપી હતી.૧૨

મામાસાહેબે સવર્ણો અને અંત્યજો વચ્ચે અંતર ઘટાડી સમાનતા લાવવા માટે સૂત્ર પણ આપ્યું હતું કે, બ્રાહ્મણ ભંગી ભાઈ ભાઈ, અપની અપની કરો સફાઈ. તેમજ મામાસાહેબ ફડકેના પ્રયાસોથી અંકલેશ્વર મહાદેવમંદિર(ગોધરા) માં અંત્યજોનો પ્રવેશ શક્ય બન્યો હતો. ૧૩

બીજા એક અન્ય નેતા ઠક્કરબાપા હતા.આદિવાસી કલ્યાણ માટે સ્થપાયેલી સંસ્થા ભીલ સેવા મંડળના પ્રારંભિક ઉદ્દેશોમાં ઢેઢ,ચમાર,ગરોડા એવી અસ્પૃશ્ય કોમની સેવાની ખેવના રાખી હતી.ઠક્કરબાપાની સૂચનાથી તા.૧૧-૦૮-

૧૯૩૫ ના રોજ અંત્યજોને ત્રણ પ્રતિજ્ઞાઓ લેવડાવી હતી. દારુ પીવો નહીં, મુડદાલ માંસ ખાવું નહીં અને કોઈપણ કારણસર દેવું કરવું નહીં[૧૪] આ ઉપરાંત પઠાણો દ્વારા ભંગીઓ પર થતાં જોરજુલમ વિરુદ્ધ કાનૂની કેસો પણ કર્યા હતા. ગોધરાની જેમ દાહોદમાં મ્યુ. કામદારોની સહકારી મંડળી શરુ કરી. અંત્યજોના દેવામુક્તિની દિશામાં સ્તુત્ય પ્રયાસ થયો હતો. આ મંડળીના સભ્યો ભંગી સફાઈકામદારો પણ હતા.તેની કાર્યપદ્ધતિ આલેખતા "પંચમહાલ રેવાકાંઠા" વર્તમાન એ નોંધ્યુ છે કે "ભંગીઓને તો તેમના ૭૫ થી ૧૫૦ ટકાના ભારે વ્યાજવાળા કરજમાંથી તદ્દન છૂટા કરવામાં આવ્યા છે. ભંગીઓના પગારમાંથી દર માસે અમુક રકમ નક્કી કરી મંડળીમાં ભરપાઈ કરવામાં આવે છે.દર મહિને બે-ચાર ભંગીઓનને આ પ્રમાણે જૂના દેવામાંથી છૂટા કરવામાં આવે છે." [૧૫] અંત્યજોદ્ધારની ઉપરોક્ત પ્રવૃત્તિઓ આશાસ્પદ હતી.

## ૫. અસ્પૃશ્તા નિવારણ પ્રવૃત્તિનું મહત્વ અને મૂલ્યાંકન

આ પ્રવૃત્તિનો સમાજમાં વ્યાપ વધ્યો હતો તેમ છતાં પણ સવર્ણો ઉપરાંત બક્ષીપંચની જ્ઞાતિઓ પણ અવરોધ બન્યાના દાખલા નોંધાયા હતા. આરોહ-અવરોહ વચ્ચે અંત્યજોદ્ધારની પ્રવૃત્તિ ચાલુ રહી હતી. સમય અને સ્થાનના પરિપ્રેક્ષ્યમાં આ પ્રવૃત્તિઓને મૂલવીએ તો તે વિશેષ મહત્વ ધરાવે છે. ગોધરા ખાતે મળેલી ગુજરાતની પ્રથમ રાજકીય પરિષદની આડપેદાશરુપે જન્મેલી અંતયજોદ્ધારની આ પ્રવૃત્તિ સમગ્ર ગુજરાત માટે દિશાદર્શક બની હતી.મામાસાહેબ ફડકે એ ગોધરા ખાતે કરેલી અંત્યજોદ્ધારની પ્રવૃત્તિના પડઘાઓ પડ્યા હતા.જેન્તીભાઈ ગોહિલ, મહેન્દ્રભાઈ ગોહિલ,વસંતભાઈ પરમાર વગેરે તેની ફલશ્રુતિ હતા. મહેન્દ્રભાઈ અને જેન્તીભાઈ સરકારી નોકરીમાં જોડાયા, વસંતભાઇ ડે.કલેક્ટર પદે પહોંચ્યા હતા. સાથે મામા ફડકેએ તેમનામાં રોપેલા ગાંધીવાદી સંસ્કારને પણ સાચવી રહ્યા છે.[૧૬] આ પ્રવૃત્તિને પરિણામે આમૂલ પરિવર્તન થયા હતા તેવો દાવો કરવો પોકળ સાબિત થાય તેમ છે.તેમ છતાં પણ કેટલાક લાંબાગાળાના પરિણામો જોવા મળ્યા હતા.દા.ત. આઝાદી સુધી અંત્યજો હિંદુ હોટલોમાં પ્રવેશી શકતા, અંકલેશ્વર મહાદેવ મંદિર(ગોધરા) માં મામા ફડકેના પ્રયાસોથી અંત્યજોનો પ્રવેશ શક્ય બન્યો હતો. અંત્યજોની નાના પાયા પર નેતાગીરી પણ વિકસી હતી. જેના ફળસ્વરુપે અત્યારસુધી હાંસિયામાં રહેલા અંત્યજો પોતાની જરુરિયાતો,પ્રશ્નોની રજૂઆતો કરતા પણ થયા હતા.જેને શ્રી ફૂલચંદ ચૌહાણ મામા ફડકેના કાર્યોની નીપજ માને છે.[૧૭] અંત્યજોના આરોગ્યના ક્ષેત્રે મામાસાહેબ ફડકેની પ્રવૃત્તિઓ નોંધપાત્ર હતી. તેમના પ્રયાસો સર્વાંગી વિકાસ અને સમસ્યા નિવારણ માટે હતા.

## ૬. ઉપસંહાર

ટૂંકમાં, પંચમહાલમાં અસ્પૃશ્યતા નિવારણ અને અંત્યજ શિક્ષણથી શરુ થયેલી રચનાત્મક પ્રવૃત્તિ અંત્યજોદ્ધાર સુધી વિકસી હતી. જોકે આ પ્રવૃત્તિઓમાં કેટલીક મર્યાદાઓ પણ હતી. જેમ કે,અન્ય રચનાત્મક પ્રવૃત્તિ જેવો પ્રતિસાદ આ પ્રવૃત્તિને મળ્યો ન હતો.અંત્યજ સેવકોની શૃંખલા ન ઉભી થઈ.અસ્પૃશ્યોમાંથી નેતૃત્વ ઉભું ન થયું. અંત્યજોદ્ધાર ભંગીકોમ વિશેષ બન્યું. સમગ્રતયા પંચમહાલના બે ધ્રુવતારકો ઠક્કરબાપાની આદિવાસી કલ્યાણની અને મામા ફડકેની હરિજન કલ્યાણની પ્રવૃત્તિઓ સાથે સરખાવીએ તો મામા ફડકેનું હરિજન કલ્યાણનું કાર્ય મર્યાદિત દાયરામાં રહ્યું હતું. પંચમહાલના ગામડાંઓ તો આઝાદીના ત્રણ-ચાર દાયકા પછી પણ છૂતાછૂતની અમાનવીય પ્રથાથી પીડાતા રહ્યા હતા.

## સંદર્ભ સૂચિ

૧. ગાંધી, મો.ક.,રચનાત્મક કાર્યક્રમ તેનું રહસ્ય અને સ્થાન, અમદાવાદ,૨૦૦૪,પૃ.૭
૨. ગાંધી, મો.ક. પૂર્વોક્ત,પૃ.૪૨.
૩. દલાલ, ચંદુભાઈ ભ.,(સંપા.) મહાદેવભાઈની ડાયરી,પુ.૭,અમદાવાદ,૧૯૬૫,,પૃ.૭.

૪. હરિજનબંધુ,પૃ.૯,અંક-૨,૧૮ જાન્યુ.૧૯૬૫,પૃ.૭.
૫. વાઘેલા, અરુણ, પંચમહાલ જિલ્લાના આદિવાસીઓમાં રાજકીય, આર્થિક, સામાજિક પરિવર્તનનો ઈતિહાસ,(અપ્રગટ મહાનિબંધ) ઉત્તર ગુજ. યુનિ.પાટણ,૨૦૦૩,પ્રકરણ-૪.
૬. હરિજન બંધુ,પુ.-૨,અંક-૨,૨૫ માર્ચ ૧૯૩૪,પૃ.૧૨)પંચમહાલ રેવાકાંઠા વર્તમાન,૨૨-૭-૧૯૨૬,પૃ.૫૬૫) મામા ફડકે,મારી જીવન કથા,અમદાવાદ,૧૯૭૪,પૃ.૬૭
૭. ગાંધીજીનો અક્ષરદેહ,પૃસ્તક-૧૪, પૃ. ૬૭૩.
૮. નવજીવન,પુ.-૧,અંક-૧,૭-૦૯,અમદાવાદ,૧૯૨૯,પૃ-૨૫
૯. વાઘેલા, અરુણ, પંચમહાલ જિલ્લામાં ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓ અને સ્વાતંત્ર્ય સૈનિકો, અમદાવાદ, ૨૦૦૭. પૃ.૪૭-૪૮
૧૦. નવજીવન,પુ.-૪,અંક-૯,૨૯ નવે.૧૯૨૨,પૃ.૬૫)વાઘેલા અરુણ,પંચમહાલ જિલ્લામાં ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓ અને સ્વાતંત્ર્ય સૈનિકો,અમદાવાદ,૨૦૦૭,પૃ.૪૮-૪૯
૧૧. હરિજન બંધુ,પુ.-૪,અંક-૨૦,૨૬ જુલાઈ ૧૯૩૬,પૃ.૧૬) પંચમહાલ રેવાકાંઠા વર્તમાન,પુ.-૧,અંક -૪૫,૯ સપ્ટે.૧૯૨૬,પૃ.૫૩૭)
૧૨. વાઘેલા, અરુણ, પંચમહાલ જિલ્લામાં ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓ અને સ્વાતંત્ર્ય સૈનિકો, અમદાવાદ, ૨૦૦૭.પૃ. ૫૧
૧૩. વાઘેલા, અરુણ, પંચમહાલ જિલ્લામાં ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓ અને સ્વાતંત્ર્ય સૈનિકો, અમદાવાદ, ૨૦૦૭.પૃ. ૫૧)